* A A G - 0 0 9 - 0 0 1 4 4 7 *

**AAG-009-001447** Seat No. ________

# B. R. S. (Sem. - IV) (CBCS) Examination

**March / April – 2016**

## Indian Philosophy - II

## (ELE. - 14)

**Faculty Code : 009**
**Subject Code : 001447**

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** M.C.Q.ના ઉત્તરો ઉત્તરવહીમાં જ આપવાના રહેશે.

૧ M.C.Q.ના યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર આપો. ૨૦

(૧) ચિત્તવૃત્તિઓની સૂક્ષ્મ બીજરૂપ અવ્યક્ત દશાને શું કહેવામાં આવે છે ?

(A) વર્ણો (B) સંસ્કારો

(C) પુરુષાર્થો (D) યજ્ઞો

(૨) ચિત્તવૃત્તિઓ કોનું પરિણામ હોઈ તેને રોકવી આવશ્યક છે ?

(A) અજ્ઞાન (B) જ્ઞાન

(C) યોગ (D) એકેય નહીં

(૩) કોની અંદર ચાલી રહેલી અનેક પ્રકારની ક્રિયાઓને જ ચિત્ત કહે છે ?

(A) જ્ઞાન (B) સંકલ્પ

(C) કર્મ (D) મન

(૪) મન, વાણી કે શરીરની ક્રિયા દ્વારા પણ અન્યનું કંઈ લઈ લેવાની ઈચ્છા ન કરવી તે શું ?

(A) સ્તેય (B) અસ્તેય

(C) પરિગ્રહ (D) અપરિગ્રહ

(૫) દર્શનોપનિષદમાં કેટલા ધર્મ ગણાવેલા છે ?

(A) પાંચ (B) આઠ

(C) દસ (D) અગિયાર

(૬) કોઈ પણ પ્રકારના યોગ માટે કયા બે આસનો વધુ સગવડભર્યા છે ?

(A) પદમાસન અને સિદ્ધાસન (B) મયુરાસન અને ચક્રાસન

(C) ચક્રાસન અને ધનુરાસન (D) સિદ્ધાસન અને મત્સ્યાસન

(૭) ધારણાના પ્રદેશમાં બુદ્ધિ એકાગ્ર એકતા ન થાય ત્યારે તે અવસ્થાને શું કહે છે ?

(A) ધારણા (B) ધ્યાન

(C) સમાધિ (D) પ્રત્યાહાર

(૮) બે વિરુદ્ધ કોટીની બાબતોમાં અદુષ્ટ કલ્પના દ્વારા જે સંગતિ સાધી શકાય છે તેને શું કહે છે ?

(A) અનુપલબ્ધિ (B) પ્રામાણ્ય

(C) ઉપપતિ (D) અર્થાપત્તિ

(૯) આ લોકમાં આપણે કરેલા કર્મ એક અદુષ્ટ શક્તિ ઉત્પન્ન કરે છે જેને શું કહે છે?

(A) પૂર્વ (B) શક્તિ

(C) અપૂર્વ (D) એકેય નહીં

(૧૦) મીમાંસકોના મત મુજબ કાર્યની ઉત્પત્તિ માટે કારણ ઉપરાંત એક વધારાનું કયું તત્વ માનવું જરૂરી છે ?

(A) શક્તિ (B) આત્મા

(C) જ્ઞાન (D) કર્મ

(૧૧) શું એટલે બે સમાન જાતિના પદાર્થો વચ્ચેનો ભેદ ?

(A) સ્વગતભેદ (B) સજાતીય ભેદ

(C) અવયવી ભેદ (D) આમાંથી એકેય નહીં

(૧૨) બ્રહ્મના અસ્તિત્વ સંબંધમાં કયા આચાર્ય અનુભવને જ પ્રાધાન્ય આપે છે ?

(A) વલ્લભાચાર્ય
(B) નિમ્બાર્કાચાર્ય
(C) રામાનુજાચાર્ય
(D) આમાંથી એકેય નહીં

(૧૩) શંકરાચાર્ય બ્રહ્મ શબ્દના અર્થ પરથી તેની સત્તાનું પ્રમાણ આપવામાં તેઓ કયા ફ્રેન્ચ દાર્શનિકને મળતા આવે છે ?

(A) લોક
(B) બર્કલે
(C) દેકાર્ત
(D) સ્પિનોઝા

(૧૪) શંકરાચાર્યના મતે શું મેળવવા માટે અવિદ્યાનો અંત આવવો જરૂરી છે ?

(A) ધર્મ
(B) અર્થ
(C) કામ
(D) મોક્ષ

(૧૫) શંકરાચાર્ય મુજબ જેમ જળમાં જળ મળી જાય છે, વીજળી આકાશમાં લય પામે છે તેમ આત્મા શેમાં લીન બને છે ?

(A) પરમાત્મા
(B) આકાશ
(C) પૃથ્વી
(D) સ્વર્ગ

(૧૬) રામાનુજાચાર્યના મત મુજબ જેનું સાંસારિક જીવન હજુ સમાપ્ત થયું નથી તેને કયા જીવ કહે છે ?

(A) મુક્તજીવ
(B) બદ્ધજીવ
(C) નિત્યજીવ
(D) અબુદ્ધજીવ

(૧૭) રામાનુજનો ઈશ્વરવિષયક મત કોના તત્વજ્ઞાનના ઈશ્વરવાદને મળતો આવે છે?

(A) પૂર્વ
(B) ઉત્તર
(C) દક્ષિણ
(D) પશ્ચિમ

(૧૮) યોગ દર્શનની રચના કોણે કરી છે ?

(A) ગૌતમમુનિ
(B) કપિલ મુનિ
(C) પતંજલિ મુનિ
(D) બાદરાયણ મુનિ

(૧૯) જૈમિનિ ઋષિએ કયા દર્શનની રચના કરી છે ?

(A) પૂર્વમીમાંસા (B) ઉત્તરમીમાંસા

(C) ન્યાયદર્શન (D) યોગદર્શન

(૨૦) બહિર્મુખ વૃત્તિઓને અંતર્મુખ બનાવવી તે શું ?

(A) આસન (B) પ્રત્યાહાર

(C) ધારણા (D) ધ્યાન

૨ અષ્ટાંગ યોગમાં પાછળના છ યોગ વિશે સમજાવો. ૧૦

૩ નીચેનામાંથી કોઈ પણ એકનો જવાબ આપો. ૧૦

(૧) ભૂલની જુદી - જુદી થિયરી શક્તિ અને અપૂર્વના ખ્યાલમાં જણાવો.

(૨) શંકરાચાર્યનો મોક્ષનો ખ્યાલ વિસ્તૃત સમજાવો.

૪ પૂર્વમીમાંસા દર્શનના જ્ઞાનના સ્રોતોમાં અર્થાપત્તિ અને અનુપલબ્ધિની વિસ્તૃત ચર્ચા કરો. ૧૦

**અથવા**

૪ રામાનુજાચાર્યના મતે ચિત્તતત્ત્વનું સ્વરૂપ અને તેના ત્રણ ભેદનું વર્ણન કરો. ૧૦

૫ ટૂંકનોંધ લખો : (કોઈ પણ બે) ૧૦

(૧) યોગમાં યમના પાંચ પ્રકારોનું ટૂંકમાં વર્ણન.

(૨) યોગનું મનોવિજ્ઞાન.

(૩) રામાનુજાચાર્યના મતે ઈશ્વરનું પાંચ પ્રકારનું સ્વરૂપ.

૬ શંકરાચાર્યનો બ્રહ્મનો વિચાર આપી તેના અસ્તિત્વના પ્રમાણોની ચર્ચા કરો. ૧૦

---